




## સાકરીયા ગામે પરંપરાગત રીતે લઠ્ઠામાર હોળી ઉજવાઈ

મોડાસા તાલુકાના સાકરીયા ગામે વર્ષોથી પેઢીઓથી પરંપરાગત રીતે ચાલી આવતી પ્રથા પ્રમાણે લઠ્ઠામાર હોળી ઉજવાઈ હતી. વર્ષોથી ચાલી આવતી પ્રણાલી પ્રમાણે ધૂળેટીના દિવસે સાકરીયા અને આજુબાજુના ગામોના લોકો તેમજ દરેક સમાજના લોકો આ પર્વ ઉજવવા માટે આવે અને લક્ષ્મીનારાયણ મંદિરે ભેગા મળી રાસ-ગરબાની રમઝટ જમાવે છે અને આ રાસ ગરબાની વિશેષતા એ છે કે અહી ગરબા રમતા લોકો મોટી લાકડીઓ વડે રાસ રમતા હોય છે અને ગુલાલ ઉડાડી રંગોત્સવની ઉજવણી કરે છે. આ પર્વમાં આજુબાજુના આબાલ વૃદ્ધ સૌ લોકો જોડાય છે. સાકરીયા ગામના બહારગામ રહેતા દરેક યુવાનો ફરજિયાત લઠ્ઠમાર હોળી રમવા હોળી પર્વમાં ઘરે અચૂક હાજર રહે છે. ગામના યુવક મંડળ દ્વારા આ ઉજવણીનું આયોજન કરવામાં આવે છે અને યુવક મંડળ દ્વારા છાશ અને ચણાનો પ્રસાદ આપવામાં આવે છે. આ ઉપરાંત અણીયોર ગામે પણ આ રીતે વિશિષ્ટ હોળી મહોત્સવ ઉજવવામાં આવે છે.

# હિંમતનગરમાં મુસ્લિમ યુવાનોને મળ્યા બાળ હનુમાન

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના હડીયોલ પુલ છાપરિયા વિસ્તારમાં બે મુસ્લિમ યુવાનોને ત્રણ વર્ષીય બાળક મળ્યું હતું જે બાળકને હિંમતનગર એ ડીવીઝન પોલીસને સોંપ્યું હતું. જેથી પોલીસે ઓપરેશન સ્માઈલ અંતર્ગત તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના હડીયોલ પુલ છાપરિયા વિસ્તારમાં રોડ પરથી રવિવારે સવારે આ વિસ્તારમાં રહેતા મુસ્લિમ યુવક મોહસીનભાઈ સૈયદ અને જાવેદભાઈ બલોચને એક ત્રણ વર્ષીય બાળક મળી આવ્યું હતું. જેથી તેની પૂછપરછ કરી પરંતુ ઘરનું સરનામું ન મળતા બંને યુવાનોએ આ બાળકને લઈને હિંમતનગર-એ ડીવીઝન પોલીસમથકે પહોંચ્યા હતા. અને તમામ વિગત કહીને બાળક સોંપ્યું હતું. ત્યાર બાદ પોલીસે મળી આવેલ બાળકને પુછપરછ કરતા તેને તેની કાલી કાલી ભાષા સમજીને તેના ઘરનું સરનામું શોધી નાખ્યું હતું. આ અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસમથકના પીએસઆઈ એસ.એન. ગોહિલે જણાવેલ કે મળી આવેલ ત્રણ વર્ષીય બાળક મૂળ રાજસ્થાનના જોધપુરનો રહેવાસી છે અને હાલ શહેરના રાયકાનગરના વિનાયકનગર ચોકમાં રહેતા તેના મામા અણદારામ દેવારામ ચૌધરીને ત્યાં છેલ્લા એક મહિનાથી રહે છે જેનું નામ હનુમાન ભગવાનભાઈ ચૌધરી છે. દરમિયાન રવિવારે સવારે જ્યારે ઘરેથી બાળકના મામા અણદારામ નીકળ્યા ત્યારે તેમની પાછળ આ બાળક નીકળ્યો હતો ત્યાર બાદ ભુલો પડ્યો હતો અને ત્યાર બાદ રોડ પર ફરતો આ હનુમાન બે મુસ્લિમ યુવકોને મળ્યો હતો જેથી યુવકોએ સોંપતા ઓપરેશન સ્માઈલ હેઠળ પોલીસ મથકના ચંદ્રકાંત પરમાર, વિજયસિંહ અને પર્વતસિંહે તેના પરિવારને સોંપ્યો હતો.

# ધનસુરાના શાંતિપુરા કંપામાં એક મહિલા સ્વાઈન ફલુમાં પટકાઈ

ધનસુરા, તા. ૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં આવેલા શાંતિપુરા કંપામાં એક મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતા અમદાવાદની સિવિલ હોસ્પુટિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી છે.

શાંતિપુરા કંપાના ભાવનાબેન નવનીતલાલ પટેલ ઉં.વ. આ. ૪૧ને છેલ્લા બે-ત્રણ દિવસથી તાવ આવતો હતો. આ માટે તેમને ધનસુરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની તબીબી સારવાર અને લોહીનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ ટેસ્ટમાં તેમને સ્વાઈન ફલુનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આ દરમ્યાન મહિલાની તબિયત વધુ લથડતા તેમને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.




## અરવલ્લીના મોડાસામાં ૧૮૧ અભયમ્ વાનનું લોકાર્પણ

આજે મહિલા આંતરરાષ્ટ્રીય દિન નિમિત્તે અરવલ્લી જિલ્લાના મોડાસામાં જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકે મહિલા અભયમ્ ૧૮૧ વાનનું લોકાર્પણ કર્યું હતું. મહિલાઓ સાથે થતાં અત્યાચારના પગલે મહિલાઓને તાત્કાલિક મદદ મળી રહે તે માટે ઈમરજન્સી સેવા ૧૮૧ની આજથી શરૂ કરવામાં આવેલી આ સેવાના લોકાર્પણ કાર્યક્રમમાં જિલ્લાના પોલીસવડા મામલતદાર તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ નેહાબેન પણ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ મહિલાદિન નિમિત્તે આજ રોજ ૧૮૧ વાનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ વાનથી મહિલાઓને મોટાપાયે લાભ થશે અને મહિલાઓ સાથે થતી હિંસા જાતીય સતામણી લગ્નજીવન તેમજ અન્ય વિખવાદો વખતે મદદ અને માર્ગદર્શન મળી રહે તે માટે મહિલાઓએ જાગૃત બની આ યોજનાનો લાભ લેવો જરૂરી છે.

# સિધ્ધપુર હાઈ-વે પર લકઝરી બસે પલ્ટી ખાતા મહિલાનું મોત

ઊંઝા, તા.૮

ઉત્તર ગુજરાતના સુપ્રસિધ્ધ તીર્થસ્થળ સિધ્ધપુર ખાતે હાઈવે પર રાજસ્થાનની એક ખાનગી લકઝરી બસ પલ્ટી ખાઈ જતાં અંદર બેઠેલ એક મહિલા મુસાફરનું કરૂણ મોત નિપજયું હતું.જયારે ૫૦ જેટલા મુસાફરોને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી.

જાણવા મળ્યા મુજબ સિધ્ધપુર ખાતે હાઈવે પર કાકોશી ચાર રસ્તા પાસે રાતના અઢી વાગ્યાના સુમારે રાજસ્થાનમાંથી અમદાવાદ તરફ જતી લકઝરી બસના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં લકઝરી બસ રોડ સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. જેથી બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરો પૈકી એક મહિલા મુસાફરનું કરૂણ મોત નિપજયું હતું. જયારે બાળકો, પુરૂષો અને સ્ત્રીઓ મળી કુલ ૫૦ જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સૌ પ્રથમ સ્થાનિક જનરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બાદ અહીંથી કેટલાક ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે પાટણના ધારપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બસમાં અંદાજે ૫૫ જેટલા મુસાફરો હતા. બસ રાજસ્થાનમાંથી ગુજરાતના સુરત જઈ રહી હતી ત્યારે માર્ગમા સિધ્ધપુર હાઈવે પર અકસ્માત નડયો હતો. આ બનાવ અંગે સિધ્ધપુર પોલીસે બસના ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ત્યજી દેવાયેલાં બાળશિશુઓને મહિલા દિન પ્રસંગે મહિલા કલાનિધિ ટ્રસ્ટ કાણોદર તરફથી અનોખી ભેટ

## મેડી ક્લેઈમ તથા પાંચ દીકરીઓને રૂ. ૨૩,૦૦૦ની ફિક્સ ડીપોઝીટ કલેક્ટરના હસ્તે અર્પણ

પાલનપુર, તા. ૮




આંતરરાષ્ટ્રિય મહિલા દિન ઉજવણી પ્રસંગે ત્યજી દેવાયેલાં બાળશિશુઓને મહિલા કલાનિધિ ટ્રસ્ટ કાણોદર તરફથી અનોખી ભેટ આપવામાં આવી છે. પાલનપુર ખાતે નારી સંરક્ષણ કેન્દ્ર શિશુગૃહમાં આશ્રય લઈ રહેલ તમામ બાળશિશુઓને રૂ. ૧,૫૦,૦૦૦નો વ્યક્તિગત મેડીક્લેઈમ તથા અનાથ પાંચ દત્તક દીકરીઓને ડૉ. વિક્રમભાઈ એમ. મહેતા, મિત્ર વર્તુળ-પરિવાર મુંબઈના અનુદાનીત ફંડમાંથી રૂ. ૨૩,૦૦૦ ની ફિક્સ ડીપોઝીટ જે ૧૮ મા વર્ષે પાકતી મુદતે રૂ. ૧,૦૬,૦૦૦નું વાઉચર વિમેન્સ ડે નિમિત્તે કલેક્ટરશ્રી દીલીપ રાણાના હસ્તે સમાજ સુરક્ષા અધિકારીશ્રી નીનામાને અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલેક્ટરશ્રીએ મહિલા કલાનીધિ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. તેમણે દાતાઓને બિરદાવતાં જણાવ્યું હતું કે સમાજ સેવાની પ્રવૃત્તિઓમાં સજ્જનો આગળ આવી મદદરૂપ બને.

આ પ્રસંગે કલેકટરશ્રીના ધર્મપત્ની સુશ્રી ડૉ. અદિતીબેન રાણા, મહિલા કલાનિધિ ટ્રસ્ટનાં પ્રમુખ શ્રીમતિ રશ્મીબેન હાડા, ચાઈલ્ડ વેલ્ફેર કમિટી બનાસકાંઠાના ચેરમેનશ્રી સુભાષ સોનેરી, અગ્રણી ડૉ. શ્રી સુરેન્દ્ર ગુપ્તા, શ્રી અહેમદભાઈ હાડા, જી. સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જી. બાળ સુરક્ષા અધિકારીશ્રી, અગ્રણી શ્રી ગૌતમભાઈ પરમાર, સુપ્રિ. રી નારી સંરક્ષણ કેન્દ્ર તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

*વિશ્વ મહિલા દિને*

# બેડજ ગામની પરણિતાએ પતિના ત્રાસથી મોતને વ્હાલુ કર્યુ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બેડજ ગામની ક્ષત્રિય મહિલાએ પોતાના પતિના પરસ્ત્રી સાથેના આડા સંબંધોની ગંધ આવી જતાં મહિલાએ તેના પતિને સમજણ આપતાં પતિએ પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું ચાલુ કર્યું હતું. પતિના ત્રાસથી કંટાળી જઈ મહિલાએ ગળેફાંસો ખાઈ મોતને વ્હાલુ કરતાં મેઘરજ પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મેઘરજ તાલુકાના બેડજ ગામના ઉપેન્દ્રસિંહ જાડેજાના લગ્ન સામાજીક રીત રિવાજ મુજબ હિંમતનગર તાલુકાના સાયબાપુર ગામની સુરજબા રાઠોડ (ઉં.વ.૨૭) સાથે લગ્ન થયા હતા. શરૂઆતમાં લગ્નજીવનમાં સુખરૂપ ચાલ્યા પછી ઉપેન્દ્રસિંહ જાડેજાના જીવનમાં પરસ્ત્રીનો પ્રવેશ થતાં આડાસંબંધ મશગુલ પતિએ સુરજબા રાઠોડને છેલ્લા બે-ત્રણ વર્ષથી માનસિક અને શારીરિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં પતિ ઉપેન્દ્રસિંહ જાડેજા સુધરી જશે તેવા વિચારોમાં ત્રણ વર્ષ જેટલો સમય વિતાવ્યા બાદ પણ પોતાના પતિનો ત્રાસ અસહ્ય બની જતાં મહિલાએ શુક્રવારની રાત્રીએ જ ઘરમાં ગળે ફાંસો ખાઈ જીંદગીનો અંત આણી દીધો હતો. મહિલાએ ગળેફાંસો ખાઈ લેતાં ગભરાયેલા પતિ અને સાસરીયાઓએ મૃતક સુરજબાના પિયરીયાઓને તેમની દિકરી બિમાર હોવાની જાણ કરી અગમ્ય કારણોસર મોત નિપજ્યાનુંજાણ કરતાંપિયરીઆઓવાળા આવી પહોંચ્યા હતા અને મહિલાનું મોત શંકાસ્પદ જણાતાંપિયરીયાઓએ જમાઈ ઉપેન્દ્રસિંહ જાડેજા સામે મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સાયબાપુર ગામના બળવંતસિંહ રાઠોડની ફરિયાદના આધારે પો.સ.ઈ. મોડિયાએ ઉપેન્દ્રસિંહ અમરસિંહ જાડેજા વિરૂદ્ધ દુષ્પ્રેરણ કરનારના ગુનામાં પતિ વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૦૬, ૫૯૮(૬) અને ૫૦૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિને કાનુની શિક્ષણ શિબિર યોજાઈ

નામદાર રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ-દિલ્હી (નાલ્સા), નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, હાઈકોર્ટ, અમદાવાદના આદેશથી, નામદાર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ હિંમતનગર, જિ. સાબરકાંઠાના માર્ગદર્શન મુજબ અને તાલુકા કાનુની સેવા સમિતિ, પ્રાંતિજના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે નાલંદા વિદ્યાલય-પ્રાંતિજ ખાતે રવિવારના રોજ કાનુની શિક્ષણ શિબિર યોજાઈ ગઈ.



ભગવાન વિષ્ણુના પરમ ભક્ત પ્રહલાદને હોલિકા દહનમાં ઉની આંચ પણ નહીં આવવા દઈને ઈશ્વરે અસત્ય પર સત્યના વિજયનો પાયો નાંખ્યો હતો. આ ઘટનાના સંભારણારૂપે પ્રતિ વર્ષ હોળી પ્રગટાવવામાં આવે છે. ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ખાતે પણ લાકડા અને છાણા વગેરે દ્વારા હોળી પ્રગટાવાઈ હતી. જેમાં શ્રદ્ધાળુઓએ ધાણી-ખજૂર અને નાળિયેર વગેરે હોમી પ્રદક્ષિણા કરી હતી. આ વર્ષે હોળીની જ્વાળા પૂર્વ દિશા તરફની રહેતા એકંદરે ખેતી માટે શુભ વર્ષનો સંકેત છે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# જસરા ગામે બ્રહ્મલીન ધર્માધિકારી ચંદ્રશેખર પંડિતજીની પ્રતિમાનું અનાવરણ

ડીસા, તા. ૮

ડીસા નજીક જસરા ખાતે આજરોજ વાતમ શારદાપીઠ દ્વારકા અને જયોતિષ પીઠ,બદ્રીનાથ પીઠાધીશ,અનંત શ્રીવિભૂષિત જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજ ના રહેનાર અદ્વેત સાર્વજનિક ટ્રસ્ટ,ધર્માધિકારી અને બ્રહ્મલીન થયેલ પુ,પા,શ્રી ચંદ્રશેખર પંડિતજી મહારાજ ની -તિમાનું તેમના હસ્તે અનાવરણ થયું હતું.

ડીસા માં આજરોજ એક ધાર્મિક કાર્યક્રમ માં હાજરી આપવા આવેલા




-િય શિષ્ય અને ઉતરાધિકારી અને ભાવી શંકરાચાર્ય એવા સદાનંદ સરસ્વતી મહારાજ આજરોજ ડીસા નજીક નાં જસરા ગામે પધાર્યા હતા ,જયાં તેમને રાષ્ટ્ર ,ધર્મ અને હિંદુ સંસ્કૃતિ ની રક્ષા હેતુ અગ્રેસર જગદગુરુ શંકરાચાર્ય નાં ઉતરાધિકારી એવા દંડીસ્વામી શ્રી સદાનંદ સરસ્વતી મહારાજ એક ધાર્મિક -સંગે હાજરી આપવા પધારતા ડીસા સહીત આજુબાજુ થી અનેકો તેમના દર્શન કરવા દોડી આવ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦